(૨)

# નવવધુને સાસુમાના શુભાશીષ

પુત્રી! મેં તો નવવધુ રુપે, પ્રાપ્ત તુંને કરી છે,
આશીર્વાદો મુજ હ્રદયના, પ્રેમથી આ દીધા છે.

રુડાં તારાં કુમ-કુમ પદે, આ ગૃહે તું ભળી છે,
જોતાં તુંને બહુ હરખથી, આંખ મારી ઠરે છે.

બેટી! આવો જીવનક્રમ તો, સર્વ સ્ત્રીઓ તણો છે,
ત્યાગી નીત્યે પીયરગૃહને, સાસરે સંચરે છે.

સૌની સંગે શ્વસુરગૃહમાં, લક્ષ્મી સંપે રહે છે,
આવી રીતે મહીયર તણાં, નામને એ ઉજાળે.

માતાઓની ફરજ જગમાં, પુત્રને પાળવાની,
‘લોચા-પોચા’ સમ તનયને, ‘છેલડો’ તો કર્યાની.

શોધી રુડી, સમજણ ભરી, કન્યકા કોઈ શાણી,
તેની સંગે શુચી લગનની, ગ્રંથીએ બાંધવાની.

મેં મારી એ ફરજ વહુમા! પુર્ણ આજે કરી છે,
સોંપ્યો છે આ મુજ તનુજને, પ્રેમથી આજ તુંને.

સંભાળી લે તુજ પતી અને, સાસરી સર્વ ભાવે,
આશા તારી શુભ સહુ રુપે, આશીષો સર્વ આપે.

-જયંત ગો. ગાંધી- ‘કુસુમાયુધ’
(એલ.આઈ.સી.માં કામ કરી નીવૃત્ત થયેલા કવી,
જુનાગઢના છે.)
**‘સન્ડે મહેફીલ’** માટે **‘વીજયા-કલાપી’** ફોન્ટમાં અને **‘ઉંઝા જોડણી’**માં પુનર્લેખનઃ
uttamgajjar@hotmail.com
**February 19, 2006**

PDF created with pdfFactory trial version www.pdffactory.com

PDF created with pdfFactory trial version www.pdffactory.com